# શહેરમાં અંદાજિત ૫ હજાર સરકારી આવાસો ખાલી થશે

## આગામી બે મહીનામાં બોર્ડ નિગમ, કેન્દ્ર સરકારના કર્મચારીઓ, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ સહીત અન્ય સંસ્થાઓએ આવાસ ખાલી કરવા પડશે

ગાંધીનગર, તા. ૭

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોને અનુલક્ષી સરકારી કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી છે. હાલની સ્થિતિએ સરકારી આવાસ મેળવવા માટે ૧૫૦૦ થી વધુ કર્મચારીઓ પ્રતિક્ષાયાદીમાં છે. સરકારી આવાસોની મર્યાદીત સંખ્યાને ધ્યાને લઈ સરકાર દ્વારા બોર્ડ-નિગમના કર્મચારીઓ સહીત અન્ય સંસ્થાઓને ફાળવવામાં આવેલા અંદાજિત ૫ હજાર જેટલા આગામી બે મહીનામાં ખાલી કરાવી દેવાશે.

શહેરના વિવિધ સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જ્યારે આ પૈકી નિગમ હેઠળના જોખમી બ્લોક બિનઉપયોગી હાલતમાં છે. આ મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. શહેરમાં સ્થિત આ સરકારી આવાસો બોર્ડ-નિગમ ઉપરાંત કેન્દ્ર સરકારના કર્મચારીઓ તેમજ સંસ્થાઓને પણ ફાળવામાં આવ્યા છે. બીજી તરફ રહેણાંક માટે આવાસ મેળવવા માગંતા સરકારી કર્મચારીઓની પ્રતિક્ષાયાદી પણ દિન-પ્રતિદિન મોટી થતી જાય છે. હાલના તબક્કે પણ ૧૫૦૦ થી વધુ કર્મચારીઓ આવાસ માટે પ્રતિક્ષાયાદીમાં છે. કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને ધ્યાને લઈને માર્ગ-મકાન વિભાગ દ્વારા સરકારના બોર્ડ નિગમો, કેન્દ્ર સરકારના કર્મચારીઓ, બેન્ક-વીમા કંપનીઓ, એરફોર્સ, અર્ધસરકારી દળો, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓના કર્મચારીઓ, અધિકારીઓને ફાળવવામાં આવેલ રહેણાંક આવાસોની મુદત અંતિમવાદ લેખાણી આગામી ૩૦ જૂન સુધી કરવામાં આવી છે. અલબત્ત આગામી ૩૦ જૂન સુધીમાં આ કર્મચારીઓને ફાળવવામાં આવેલ આવાસો ખાલી કરી દેવા પડશે. શહેરમાં અંદાજિત ૫ હજાર મકાનો ખાલી થાય તેવી શકયતા છે. જેથી પ્રતિક્ષાયાદીમાં સમાવિષ્ટ કર્મચારીઓને આવાસ ફાળવવાનું સરળ બનશે.



(તસવીર : દિપક જાની)

# શહેરમાં આખરે જનમતનો વિજય

## પર્યાવરણ પ્રેમીઓના આંદોલન સામે સરકાર ઝુકી : પંચામૃત ભવનનો પ્રોજેકટ પડતો મુકાયો : પર્યાવરણ પ્રેમીઓએ હરખની હેલી વચ્ચે વૃક્ષોનું પૂજન કર્યુ

ગાંધીનગર, તા.૭

પાટનગરમાં પર્યાવરણના ભોગે નિર્માણ પામનાર પંચામૃત ભવન સામેના વ્યાપક જનાક્રોશ અને પ્રબળ આંદોલનના પગલે રાજય સરકારે પંચામૃત ભવનનો પ્રોજેકટ પડતો મુકતાં નિર્માણના સૂચિત સ્થળે વૃક્ષોને કંકુતિલક કરીને પર્યાવરણ બચાવ અભિયાનના અગ્રણીઓ અને પર્યાવરણ પ્રેમીઓએ વિજયના વધામણાં કર્યા હતાં.

રાજય સરકાર દ્વારા પંચશકિતની થીમ આધારિત નગર વિકાસની કામગીરીના ભાગરૂપે મહાત્મા મંદિર અને સ્વર્ણિમ સંકુલના પ્રોજેકટ પૂર્ણ થયા બાદ સચિવાલય-વિધાનસભાની પાછળ આવેલા વિશાળ વનવિસ્તારના સ્થળે કરોડોના ખર્ચે પંચામૃત ભવનના નિર્માણનો પ્રોજેકટ હાથ ધરાયો હતો. આ પ્રોજેકટને કારણે હજારો વૃક્ષોનું નિકંદન થઈને પર્યાવરણને ગંભીર હાની પહોંચવા ઉપરાંત આ વિસ્તારમાં વસતા સેંકડો મોર, કાગડા, સસલાં, કાચબા અને નીલગાય તેમજ અસંખ્ય સરિસૃપોનું નિર્ભય આશ્રયસ્થાન ઝુંટવાઈ જાય તેમ હોઈ પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકોએ ઉગ્ર વિરોધ સાથે પર્યાવરણ બચાવ અભિયાન શરુ કરી આ વિસ્તારમાં પર્યાવરણના ભોગે પંચામૃત ભવનનું નિર્માણ ન કરવા રાજય સરકાર સામે રજુઆતો કરી હતી.

પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ક્રિકેટ ફીવર - વિશ્વકપ ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન થઈ અને આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ થઈ ત્યારે ગાંધીનગરમાં પણ ક્રિકેટ ફીવર છવાયો છે... ધોરણ-૧૦, ૧૧, ૧૨ની પરીક્ષાઓ પૂરી થતાં વિદ્યાર્થીઓ સવારથી જ બોલ-બેટ લઈ રામકથા મેદાનને ક્રિકેટના મેદાનમાં પરિવર્તિત કરી રહ્યા છે... ગાંધીનગર શહેરની મજા એ જ છે કે, મોકળા મેદાનોમાં ક્રિકેટ રમવાની યુવાનોને મોકળાશ રહે છે... રજાઓના મૂડમાં વિદ્યાર્થીઓની રમત પરત્વેની રૂચિ વિકસાવવી ક્રિકેટ આવતીકાલના નાગરિકોમાં ખેલદીલી અને લક્ષ્ય સિદ્ધિના ગુણો વિકસાવવા જરૂરી છે.... ગાંધીનગરમાં આવા કેટલાય મેદાનો સવારથી જ ક્રિકેટ પ્રેમીઓથી છવાય છે....

# ગાંધીનગર એસઓજી પી.આઈ. સહિત બે ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ

## ચકચારી વડોદરા ક્રિકેટ સટ્ટાકાંડમાં બુકીઓનાં કોલ રેકર્ડની તપાસણી બાદ વધુ ચાર પોલીસ અધિકારી ઝપટે ચડે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૭

વડોદરા નજીક સિકંદરપુરા ગામના એક ફાર્મ હાઉસમાં પખવાડીયા અગાઉ એન્ફોર્સમેન્ટ ડીરેકટરેટ (ઈ.ડી.)એ દરોડો પાડી મોટુ ક્રિકેટ સટ્ટા રેકેટ પકડી પાડ્યું હતું. જેમાં તબક્કાવાર ૪૦૦ કરોડથી વધુનો મુદ્દામાલ પકડાયો હતો. આ ક્રિકેટ સટ્ટામાં પકડાયેલા બુકીઓની પુછપરછ તથા કૉલ રેકર્ડમાં કેટલાક પોલીસ અધિકારીઓની મિલીભગત તો કેટલાકની બેદરકારી બહાર આવી છે. ઈ.ડી.એ ગૃહ મંત્રાલયને કરેલા રીપોર્ટને અંતે રાજ્ય પોલીસ વડાએ ગાંધીનગર એસઓજી પી.આઈ. તથા વડોદરા ગ્રામ્ય પીઆઈ મળીને બે ઈન્સ્પેક્ટર્સને સસ્પેન્ડ કર્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

માર્ચ મહિનાના ત્રીજા અઠવાડીયામાં ચાલતી ક્રિકેટ વર્લ્ડ કપ મેચ પૈકીની ભારત-બાંગ્લાદેશ મેચ દરમ્યાન વડોદરા-અમદાવાદ હાઈવે પર સ્થિત સિકંદરપુરા ગામમાં એક ફાર્મહાઉસ ખાતે ઈ.ડી.એ દરોડો પાડ્યો હતો. મોટા બુકીઓ સહીત દસેક શખ્સોને ૧૫ લેપટોપ, ૧૦૦ મોબાઈલો સહિત વિવિધ ઈલેક્ટ્રોનીક ડીવાઈસ સાથે પકડી તબક્કાવાર ૪૦૦ કરોડના સટ્ટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ મસમોટા ક્રિકેટ સટ્ટાના બુકીઓના ઈન્ટ્રોગેશન તથા કૉલ ડીટેઈલમાં કેટલાક પોલીસ અધિકારીઓના પણ નામ ખુલ્યા છે. તે ઉપરાંત કેટલાક આઈ.પી.એસ. કક્ષાના અધિકારીઓના નામો પણ આ સટ્ટાકાંડ સાથે જોડાયા હોવાની ચર્ચા છે. ઈ.ડી.એ ગૃહ મંત્રાલયને કરેલા રીપોર્ટ બાદ આજે ડીજીપીએ ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટ અને વડોદરા ગ્રામ્ય પી.આઈ. સૈયદ મળી બે પી.આઈ.ને સસ્પેન્ડ કર્યાનો હૂકમ જારી કર્યો હોવાની વિગતો સાંપડી છે. સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ આ બુકીઓ પહેલા ગાંધીનગર જિલ્લાના અડાલજ વિસ્તારમાં ક્રિકેટ મેચ પર સટ્ટા રમાડતા હતા. વધુ ચાર જેટલા પોલીસ અધિકારીઓ પણ ઈ.ડી.ની ઝપેટે ચઢે તેવી શક્યતા છે.

# વિદ્યાર્થીઓને સાહિત્યક્ષેત્રે પ્રોત્સાહીત કરવા બાળ કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૭

વિદ્યાર્થીઓને કળા અને સાહિત્ય ક્ષેત્રે પ્રોત્સાહીત કરવાના ઉમદા આશયથી શિક્ષણ વિભાગ દ્વારા બાળ કવિ સંમેલન યોજવામાં આવશે. જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી શિક્ષણ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની કૃતિઓ પણ મંગાવવામાં આવી છે. જિલ્લાની શ્રેષ્ઠ કૃતિઓને રાજયકક્ષાના બાળ કવિ સંમેલન માટે પણ પસંદ કરવામાં આવશે.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રમતગમત ઉપરાંત કલા અને સાહિત્ય ક્ષેત્રે પણ આગળ વધે તેમજ આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા મુખ્યમંત્રી દ્વારા શિક્ષણ વિભાગને બાળ કવિ સંમેલન યોજવા સૂચન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગ દ્વારા બાળ કવિ સંમેલન યોજવાનો નિર્ણય લેવાયો છે. આ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીએ માહીતી આપતા જણાવ્યું હતું કે બાળ કવિ સંમેલન અન્વયે જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. કાવ્યો લખતા હોય અગર શાળાઓમાં વિશેષ દિન નિમિત્તે પ્રકાશિત થયેલા સોવિનિયર કે સામાયિકમાં સ્વરચિત કાવ્યો પ્રકાશિત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓની કૃતિઓ શિક્ષણ તંત્રને મોકલી આપવા જણાવાયું છે. આગામી તા. ૧૮ એપ્રિલ સુધીમાં શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓને કૃતિઓ મોકલી દેવા જણાવાયું છે. જિલ્લા કક્ષાએથી પસંદ કરાયેલી શ્રેષ્ઠ કૃતિઓને રાજયકક્ષાના બાળ કવિ સંમેલન માટે પસંદ કરવામાં આવશે. સમયસર કૃતિઓ મોકલી દેવા જણાવાયું છે.

# જીવરાજ મહેતા ભવનના બ્લોક-૧૯માં વીજપુરવઠો ખોરવાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના જીવરાજ મહેતા સંકુલના બ્લોક નં. ૧૯માં આજે આખો દિવસ વીજપુરવઠો બંધ રહેતાં કચેરીનું કામકાજ ખોરવાઈ જવા પામ્યુ હતુ.

રાજ્યના માહિતી કમિશનરની કચેરી આ બ્લોકમાં બેસે છે. પાણી લિકેજ થઈ ડી.પી. પર પડતુ હોવાથી આ વીજપુરવઠો ખોરવાયો હતો. ગરમીમાં પંખા તેમજ કોમ્પ્યુટરો સહિતના વીજ ઉપકરણો બંધ રહેતાં બ્લોકના કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. સરકારી કચેરીઓની સ્વચ્છતાનો મુદ્દો બે દિવસ પૂર્વે જ અહેવાલો પ્રગટ થયા હતા જે ઉલ્લેખનીય છે. જીવરાજ મહેતા ભવનના ઘણા બ્લોકોમાં આવી સ્થિતિ છે.







# કિસાનસંઘે વિવિધ મુદ્દે તાલુકા કક્ષાએ આવેદનપત્રો આપ્યા

ગાંધીનગર, તા.૭

ભારતીય કિસાન સંઘ દ્વારા ભૂમિ અધિગ્રહણ કાયદો તેમજ પાકોના ટેકાના ભાવ સહીતના વિવિધ મુદ્દાઓને અનુલક્ષી આજે રાજયના તમામ તાલુકાના મામલતદારોને આવેદનપત્રો સુપ્રત કરવામાં આવ્યા હતા. કિસાનસંઘના મહામંત્રી મણીભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતું કે ભૂમિ અધિગ્રહણ કાયદાની જગ્યાએ જમીન-ઉપયોગીતા કાનૂન બીલ રાખવા તેમજ માવઠાની સ્થિતિમાં વળતર ચુકવવા સહીતની માંગણીઓ સંદર્ભે આજે રાજયમાં તાલુકા કક્ષાએ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

# ઉદ્યાનો માટે પાણીની પાઈપલાઈન નાંખવાનો પ્રોજેક્ટ અટવાયો

## રૂટમાં આવતા વૃક્ષો દૂર કરવા વન વિભાગની મંજૂરી મળી નથી

ગાંધીનગર, તા. ૭

શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા રૂ. ૭ કરોડના ખર્ચે પાઈપલાઈન કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ વન વિભાગની મંજૂરીના અભાવે પાઈપલાઈન નાંખવાનો પ્રોજેક્ટ ખોરંભે પડ્યો છે.

શહેરના બગીચાઓને તાજા રાખવા પર્યાપ્ત પાણીની જરૂરિયાતને પહોંચી વળવા સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જેના આધારે હાલ સ્વર્ણિમ પાર્કને ફેઈઝ-૧માં પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. જ્યારે બીજા તબક્કામાં સ્વર્ણિમ પાર્ક સહીત સરીતાઉદ્યાન, પુનિતવન ઉપરાંત અન્ય ઉદ્યાનોને પણ આવરી લેવા તંત્ર દ્વારા પાઈપલાઈનનું કામ હાથ ધરવા અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી, પરંતુ વિભાગ કક્ષાએથી કામને મંજૂરી આપી દેવાયા બાદ લાંબા સમયના અંતે પણ પાઈપલાઈનની કામગીરી હાથ ધરી શકાઈ નથી. ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા રૂ. ૭ કરોડના ખર્ચે પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ વન વિભાગ કક્ષાએથી જરૂરી મંજૂરી ન અપાતા પાઈપલાઈનનું કામ અટવાયું છે. પાઈપલાઈનની કામગીરીના રૂટમાં આવતા અંદાજિત ૧૫૦ જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે. આ મામલે વનતંત્રની મંજૂરી માટે વિભાગ દ્વારા અગાઉ દરખાસ્ત પણ કરવામાં આવી હતી. પરંતુ વન વિભાગ દ્વારા તંત્રને હજી પરવાનગી ન મળતા ઉદ્યાનોને પાણી સપ્લાય કરવાની યોજનાનુ કામ આગળ વધી શક્યુ નથી.

# જૈનાચાર્ય શ્રી પ્રસન્નાકિર્તીસાગરજી મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગાંધીનગર નજીકના



લિંબોદરા પૂનિતધામના આચાર્ય શ્રી પ્રસન્નકિર્તી મહારાજ અને ભવ્ય કિર્તી મહારાજશ્રીએ શુભેચ્છા મૂલાકાત લીધી હતી.

આગામી તા.૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જિન શાસનની યોગ પરંપરા અનુસાર જૈન બંધુઓ પણ પોતાનું યોગદાન આપવા તત્પર છે અને રાજય સરકારના આ માટેના આયોજનમાં સહયોગ કરશે, તેમ આ જૈનાચાર્યોએ મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ તેમના આ વિચારને પ્રેરક ગણાવતાં આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી.

આ વેળા રાજયમંત્રી શ્રી તારાચંદ છેડા પણ ઉપસ્થિત રહયા હતા.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com